


વતન VATAN NEWS
MOST Preferred GUJARATI NEWSPAPER
Reaching 55000 Reader in Print and Online
WEEKLY



# વાસ્તુશાસ્ત્ર - Issue # 18

Published on Friday, May 20, 2011




**By Kalpesh Joshi**

પ્રશ્ન ૧ ઃ તમારા અગાઉના લેખમાં વાંચ્યુ હતું કે કોઈપણ જગ્યાના ચાર ખૂણાથી વધારે કે ઓછા ન હોવા જોઈએ પણ અમારી ફેક્ટરીમાં છ ખૂણા થાય છે તો અમને તેનું નિવારણ બતાવશો. (એક ભાઈ, બોમનવીલ)

જવાબ ૧ ઃ મને આનંદ થયો કે તમે મારા બધા જ લેખો ધ્યાનપૂર્વક વાંચો છો. અહીંયા મોકલેલ નક્શા પ્રમાણે તમારે અગ્નિ ખૂણામાં બે વધારાના ખૂણા પડે છે જેના માટે તમારે તે ભાગમાં જે ઓઈલ ટેન્કનું સ્ટોરેજ છે તેને ત્યાં ખસેડીને મુખ્ય બિલ્ડીંગ અને તે ઓરડી વચ્ચે એક તાંબાનો તાર જમીનની નીચે બન્ને ખૂણાની વચ્ચે દાટી દો જેનાથી શાસ્ત્ર પ્રમાણે તમે તે જગ્યાના અલગ બે ભાગ કર્યા તેમ કહેવાય અને જેથી બન્ને બીલ્ડીંગના ચાર-પાંચ ખૂણા થઈ જશે અને તેનાથી તમે દોષ મુક્ત થશો. તમારા પ્રોડક્શનમાં વધારો થશે તદ્ઉપરાંત આ જગ્યામાં કામ કરનાર બધા કામદારોને મનની શાંતિ અનુભવાશે. ખાસ કરીને તમારા કામોમાં સરળતા આવશે.

પ્રશ્ન ૨ ઃ અમારો એક ગેસ સ્ટેશન અને સ્ટોર છે અને તેમાં ખાસ કરીને કારવોશનું સેક્શન બરાબર ચાલતું નથી અને ઘણા બધા કસ્ટમરોને કારવોશની સર્વીસથી સંતોષ થતો નથી તો તેના માટે વાસ્તુશાસ્ત્રના નિયમાનુસાર આનો કોઈ ઉપાય હોય તો મહેરબાની કરીને જણાવશો. (એક ભાઈ - માલ્ટન)

જવાબ ૧ ઃ તમે મોકલેલા પ્લાન પ્રમાણે વાસ્તુશાસ્ત્ર પ્રમાણે આ જગ્યાનો ઉપાય જરુરથી થઈ શકે તેમ છે પરંતુ આ જગ્યાનો ઉપાય જરુરથી થઈ શકે પરંતુ તમારા થોડા ઘણા ફેરફાર કરવા પડે જેનાથી તમારી મુશ્કેલીના સરળતાથી નિવારણ થશે. આ પ્રમાણે થવાનું મુખ્ય કારણ એ છે કે તમારા મોકલેલ પ્લાનમાં કારવોશનું યુનિટ જે દિશામાં રાખેલ છે તે બરાબર છે. પરંતુ જયાં તે તમારા કસ્ટમરની કાર ઓટોમેટીક મશીનમાં ટોકન નાખીને આગળ વધે છે પછી મુખ્ય કારવોશ એરીયામાં એન્ટ્રી કરે છે અને બધો પ્રોસેસ કરીને બહાર આવે છે ત્યારે તે ડાબા હાથ તરફ વળીને એક્ઝીટ કરે છે. જે આખો પ્રોસેસ એન્ટી-ક્લોકવાઈઝ થાય છે અને તમારા ગેસ સ્ટેશનની બ્રાન્ડના નિયમાનુસારે અમે ઘણા બધા ગેસ સ્ટેશનની વાસ્તુશાસ્ત્ર પ્રમાણે ડીઝાઈન બનાવેલી છે માટે તમારે જો વાસ્તુશાસ્ત્ર પ્રમાણે ફેરફાર કરવા હોય તો તમારા મુખ્ય કારવોશ યુનિટ છે તેને ખસેડવાની જરુર નથી જેનાથી તમારો મોટો ખર્ચ બચી જશે. ફક્ત જે ટોકન નાખી ને એન્ટ્રી કરવાની જગ્યા છે તે ડાબા હાથ તરફ છે તેને થોડું દુર સામેની બાજુ ખસેડીને તેની એન્ટ્રી થાય છે તે જમણા હાથ તરફથી વળાંક વળે તે પ્રમાણે કરવાની જરુર છે તેનાથી તમામ કારની એન્ટ્રી જમણા હાથ તરફ થઈ જશે તેનાથી તેનો પ્રોસેસ ક્લોકવાઈઝ થઈ જશે અને બહાર નીકળે ત્યારે તે જમણા હાથ તરફ વળે જેનાથી તેનું એક ક્લોકવાઈઝ સર્કલ પુરું થશે. આમ કરવાથી તમારા ગેસસ્ટેશનની અંદર આવેલ કારવોશ સ્ટેશનનના ટર્નઓવરમાં વધારો જોવામાં આવશે.

**E-News Paper**




Click above image to read PDF version

